દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

ગુરુવાર ૨૮ મે, ૨૦૨૬

# SIR મામલે સુપ્રીમ કોર્ટે તો ચુકાદો આપી દીધો પણ હવે યોગ્ય પ્રક્રિયા કરવાની જવાબદારી ચૂંટણીપંચની રહેશે

તાજેતરમાં દેશની સર્વોચ્ચ અદાલતે મતદાર યાદીઓના વિશેષ અને ગહન પુનઃનિરીક્ષણ એટલે કે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન અંગે ઐતિહાસિક અને દીર્ઘદ્રષ્ટિપૂર્ણ ચુકાદો આપ્યો. સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચની આ પ્રક્રિયાને સંપૂર્ણપણે કાયદેસર અને બંધારણીય જાહેર કરી છે. આ ચુકાદો માત્ર કાયદાકીય દ્રષ્ટિએ જ નહીં, પરંતુ દેશની ચૂંટણી પ્રણાલીમાં નાગરિકોના વિશ્વાસને અકબંધ રાખવા માટે પણ અત્યંત પ્રાસંગિક છે. સુપ્રીમ કોર્ટનો આ ચુકાદો યથાયોગ્ય જ છે પરંતુ જે સમસ્યા છે તે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન કેવી રીતે કરવામાં આવે છે તેની છે. આ સમગ્ર વિવાદની શરૂઆત બિહારની ચૂંટણીઓ પૂર્વે ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવેલી વ્યાપક મતદાર યાદી સુધારણા ઝુંબેશથી થઈ હતી. અરજદારો દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે આ પ્રક્રિયા અંતર્ગત મોટા પાયે નામો કાઢી નાખવામાં આવ્યા છે અથવા ફેરફાર કરવામાં આવ્યા છે, જે જનપ્રતિનિધિત્વ અધિનિયમની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે. આ પ્રક્રિયાને ગેરબંધારણીય અને મનસ્વી ગણાવીને સર્વોચ્ચ અદાલતમાં પડકારવામાં આવી હતી.

મુખ્ય ન્યાયાધીશની આગેવાની હેઠળની બેન્ચે તમામ પક્ષોની દલીલોને ઝીણવટપૂર્વક સાંભળ્યા બાદ તમામ અરજીઓને ફગાવી દીધી હતી. અદાલતે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, ચૂંટણી પંચે તેની બંધારણીય સત્તાઓની મર્યાદામાં રહીને જ કામ કર્યું છે અને મતદાર યાદીની ચોકસાઈ સુનિશ્ચિત કરવા માટે આવી પ્રક્રિયાઓ અનિવાર્ય છે. ભારતીય બંધારણના અનુચ્છેદ 324 અંતર્ગત ચૂંટણી પંચને દેશમાં ચૂંટણીઓનું નિર્દેશન, નિયંત્રણ અને આયોજન કરવાની વ્યાપક સત્તાઓ આપવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં આ જ બંધારણીય જોગવાઈને પુનઃરેખાંકિત કરી છે. કોર્ટે જણાવ્યું હતું કે, “મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ યોજવી એ ચૂંટણી પંચની પરમ બંધારણીય ફરજ છે. મતદાર યાદીમાં કોઈ પણ પ્રકારની ગરબડ ન રહે અને માત્ર સાચા વયસ્ક નાગરિકો જ મતાધિકારનો ઉપયોગ કરી શકે તે જોવાની જવાબદારી પંચની છે. આ માટે SIR જેવી ઝુંબેશ ચલાવવી એ તેની મૂળભૂત સત્તાઓનો જ એક ભાગ છે.” કોઈપણ જીવંત લોકશાહીમાં ‘એક નાગરિક, એક મત’ નો સિદ્ધાંત ત્યારે જ સાર્થક બને છે જ્યારે મતદાર યાદી સો ટકા શુદ્ધ હોય. બોગસ મતદાન, એક જ વ્યક્તિના અલગ-અલગ જગ્યાએ નામો હોવા અથવા મૃત્યુ પામેલા લોકોના નામો યાદીમાં ચાલુ રહેવા જેવી ત્રુટીઓ લોકશાહીના જનાદેશને નબળો પાડે છે. ચૂંટણી પંચની આ સત્તાને માન્ય રાખીને કોર્ટે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે પ્રક્રિયાગત બાબતોમાં અકારણ ન્યાયિક હસ્તક્ષેપ લોકશાહીના હિતમાં નથી.આ ચુકાદાનું સૌથી મહત્વનું પાસું એ છે કે અદાલતે નાગરિકતા અને મતાધિકાર વચ્ચેના કાનૂની તફાવતને ખૂબ જ સચોટ રીતે સમજાવ્યો છે. સામાન્ય રીતે સમાજમાં એવી ગેરસમજ પ્રવર્તે છે કે જો કોઈ વ્યક્તિનું નામ મતદાર યાદીમાંથી કટી જાય, તો તેની ભારતની નાગરિકતા જોખમમાં આવી જાય છે. સર્વોચ્ચ અદાલતે આ ભય અને ગેરસમજને દૂર કરતા સ્પષ્ટ કર્યું છે કે, નાગરિકતા પર કોઈ અસર નહીંઃ મતદાર યાદીમાંથી નામ દૂર થવાથી કોઈ વ્યક્તિની ભારતીય નાગરિકતા રદ થઈ જતી નથી. ભારતની નાગરિકતા નક્કી કરવાનો કે તેને રદ કરવાનો કાનૂની અધિકાર દેશના ચૂંટણી પંચ પાસે નથી. પંચનું કાર્ય માત્ર યોગ્ય અને લાયક મતદારોની યાદી તૈયાર કરવાનું છે. આ સ્પષ્ટતાથી દેશના લઘુમતી કે વંચિત વર્ગોમાં ફેલાતી અફવાઓ અને અસુરક્ષાની ભાવના પર કાયમી વિરામ લાગશે.

અદાલતે એક તરફ ચૂંટણી પંચની સત્તાઓને સમર્થન આપ્યું છે, તો બીજી તરફ વહીવટી તંત્ર મનસ્વી રીતે કામ ન કરે તે માટે કુદરતી ન્યાયના સિદ્ધાંત (Principle of Natural Justice) પર પણ એટલો જ ભાર મૂક્યો છે. કોર્ટે સ્પષ્ટ આદેશ આપ્યો છે કે, મતદાર યાદીમાંથી કોઈપણ વ્યક્તિનું નામ હટાવતા પહેલા સંબંધિત નિયમોનું ચુસ્ત પાલન કરવું પડશે.

પક્ષ રજૂ કરવાની તકઃ જે-તે વ્યક્તિને પોતાનો પક્ષ રજૂ કરવાની અને જરૂરી દસ્તાવેજો સબમિટ કરવાની પૂરતી તક આપવી ફરજિયાત રહેશે. ચૂંટણી પંચ ઓળખની ખરાઈ માટે આધાર કાર્ડ કે અન્ય અધિકૃત દસ્તાવેજોની માંગણી કરી શકે છે અને આ પ્રક્રિયાને ‘મનસ્વી’ કે ‘ગેરકાયદેસર’ ગણાવી શકાય નહીં. સત્તાની સાથે જવાબદારી પણ એટલી જ મહત્વની છે. વહીવટી તંત્રની કોઈ ભૂલને કારણે કોઈ સાચો નાગરિક પોતાના પવિત્ર મતાધિકારથી વંચિત ન રહી જવો જોઈએ.

સુપ્રીમ કોર્ટે પોતાનો ચુકાદો સ્પષ્ટ રીતે આપ્યો છે પરંતુ આ ચુકાદા બાદ હવે ચૂંટણી પંચની જવાબદારીઓ વધી ગઈ છે. સુપ્રીમ કોર્ટે SIRને યોગ્ય ઠેરવવાની સાથે એ પણ જણાવ્યું છે કે, મતદારયાદીમાંથી નામ કમી કરતાં પહેલા જે તે મતદારને પોતાનો પક્ષ રજૂ કરવાની પૂરતી તક આપવાની રહેશે. એટલે કે કોઈ એક વ્યક્તિ કહે અને મતદારનું નામ યાદીમાંથી કાઢી શકાશે નહીં. કેન્દ્રીય ચૂંટણીપંચે જ્યારે પણ SIRની પ્રક્રિયા કરવાની થાય ત્યારે રાજ્ય ચૂંટણીપંચ અને જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદારયાદી સુધારણામાં કોઈ ગરબડ તો કરવામાં આવી રહી નથીને તેની તકેદારી રાખવી પડશે. જો ચૂંટણીપંચ પોતાની ફરજ ભૂલશે તો સુપ્રીમ કોર્ટનો ચુકાદો નિર્થરક ઠરશે તે નક્કી છે.

# ભારતમાં ડીઝલ સંકટ: ગુજરાતના કૃષિ ક્ષેત્ર પર જોખમ અને ઉકેલની દિશા

ભારત જેવા કૃષિપ્રધાન દેશમાં ઈંધણ એ માત્ર પરિવહનનું સાધન નથી, પરંતુ ખેતીની જીવાદોરી છે. હાલમાં ગુજરાત સહિત ભારતના અનેક ભાગોમાં ડીઝલની અસ્થાયી અછત અને પુરવઠાના નિયમનને કારણે ખેતીકામ પર ગંભીર સંકટ તોળાઈ રહ્યું છે. ખાસ કરીને ખરીફ વાવણીની સીઝન શરૂ થવાની તૈયારીમાં છે ત્યારે ડીઝલની કટોકટી ખેડૂતો માટે પડતા પર પાટું સમાન સાબિત થઈ રહી છે.

અછતનું વર્તમાન ચિત્ર અને કારણો : ગુજરાતના અનેક વિસ્તારોમાં પેટ્રોલ પંપ પર ડીઝલ માટે વાહનો અને ટ્રેક્ટરોની કિલોમીટર લાંબી કતારો જોવા મળી રહી છે. આ અછત પાછળનાં મુખ્ય કારણો નીચે મુજબ છેઃ

આંતરરાષ્ટ્રીય તણાવઃ મધ્ય-પૂર્વના દેશો (ઈરાન-ઈઝરાયેલ) વચ્ચે વધતા તણાવને કારણે વૈશ્વિક સ્તરે ક્રુડ ઓઈલની પુરવઠા સાંકળ પર અસર પડી છે.

પેનિક બાયિંગઃ સોશ્યલ મીડિયા પર ફેલાયેલી અછતની અફવાઓને કારણે ખેડૂતો અને ટ્રકચાલકો જરૂરિયાત કરતાં વધુ સંગ્રહ કરવા લાગ્યા છે, જેનાથી વેચાણ સામાન્ય કરતાં ૫ ગણું વધી ગયું છે.

મોસમી માંગઃ ખરીફ વાવણીના સમયે ટ્રેક્ટર અને સિંચાઈ માટેના પંપ સેટ્સમાં ડીઝલની માંગ ટોચ પર હોય છે.

ખેડૂતોની હાલાકી અને આર્થિક નુકસાન : ડીઝલની મર્યાદિત ઉપલબ્ધતાને કારણે ખેડૂતોની સ્થિતિ દયનીય બની છે.

વાવણીમાં વિલંબઃ ટ્રેક્ટરોમાં ડીઝલ ન હોવાથી જમીન તૈયાર કરવાની અને વાવણી કરવાની કામગીરી અટકી પડી છે. સમયસર વાવણી ન થવાથી ભવિષ્યમાં ઉપજ ઘટવાનો મોટો ભય છે.

માનસિક અને શારીરિક ત્રાસઃ ખેડૂતોને ૪-૫ દિવસ સુધી કાળઝાળ ગરમીમાં પંપ પર કતારમાં ઊભા રહેવું પડે છે. ઘણી વાર લાંબી રાહ જોયા પછી પણ માત્ર મર્યાદિત જથ્થો (દા.ત. ૨૦૦ લિટર) જ મળે છે.

પરંપરાગત ખેતી તરફ મજબૂરીઃ આધુનિક યુગમાં ડીઝલના અભાવે કેટલાક ખેડૂતો ફરી બળદ વડે ખેતી કરવા મજબૂર બન્યા છે, જે વર્તમાન સમયમાં ખૂબ જ ધીમી પ્રક્રિયા છે.

અસરગ્રસ્ત વિસ્તારો અને જન આક્રોશ : ગુજરાતના સૌરાષ્ટ્ર (અમરેલી, જૂનાગઢ, રાજકોટ, મોરબી), ઉત્તર ગુજરાત (બનાસકાંઠા, સાબરકાંઠા) અને દક્ષિણ ગુજરાતના નવસારી જેવા જિલ્લાઓમાં હાહાકાર મચ્યો છે. ખેડૂતો અને ટ્રક ડ્રાઈવરો દ્વારા રસ્તા રોકો આંદોલન અને પંપ પર વિરોધ પ્રદર્શનો પણ જોવા મળ્યાં છે. રાજકીય પક્ષો પણ આ મુદ્દે સરકારની સક્રિયતા પર સવાલ ઉઠાવી રહ્યા છે.

સકારાત્મક ઉકેલો અને ભાવિ પગલાં : આ સંકટ અસ્થાયી હોઈ શકે છે, પરંતુ તે ભવિષ્ય માટે શીખ સમાન છે. સરકાર અને વહીવટીતંત્રે નીચે મુજબનાં પગલાં પર ધ્યાન આપવાની જરૂર છેઃ

તાત્કાલિક પગલાંઃ

ખેડૂતો માટે વિશેષ વ્યવસ્થાઃ પેટ્રોલ પંપ પર ખેડૂતો માટે અલગ લાઈન અને ક્વોટા નક્કી કરવો જોઈએ. ૭/૧૨ની નકલ અને ઓળખના પુરાવા (જેમ કે આધાર કાર્ડ વગેરે)ના આધારે ખેડૂતોને પ્રાથમિકતા આપવી જોઈએ.

મોનિટરિંગઃ કાળાબજાર રોકવા માટે પંપ પર સતત વેરિફિકેશન અને પારદર્શક વિતરણ-પ્રણાલી લાગુ કરવી.

લાંબા ગાળાના ઉકેલોઃ

સોલાર એનર્જી પર ભારઃ ખેતીમાં ડીઝલ પંપને બદલે સોલાર પંપ અને સોલાર ઈરિગેશન સિસ્ટમ માટે સબસિડી વધારવી જોઈએ. આનાથી ડીઝલ પરની નિર્ભરતા કાયમી ધોરણે ઘટશે.

કૃષિ ડીઝલ કાર્ડઃ ખેડૂતોને વિશેષ ‘કૃષિ કાર્ડ’ આપીને મુશ્કેલીના સમયે સરળતાથી ઈંધણ મળી રહે તેવી વ્યવસ્થા કરવી.

ઈલેક્ટ્રિક ટ્રેક્ટર્સઃ ભવિષ્યમાં ઈલેક્ટ્રિક ટ્રેક્ટર્સ અને મશીનરીના વપરાશને પ્રોત્સાહન આપવું.

ડીઝલની અછત એ માત્ર

## ઈકો-નોમિક્સ

**ડૉ.જયનારાયણ વ્યાસ**

> **સરકારે અફવાઓ રોકીને પુરવઠો સુનિશ્ચિત કરવો જોઈએ અને ખેડૂતોએ પણ પેનિક બાયિંગથી દૂર રહીને સહયોગ આપવો જોઈએ**


ઈંધણની અછત નથી, પરંતુ તે દેશની ખાદ્ય સુરક્ષા અને અર્થતંત્ર સાથે જોડાયેલો ગંભીર મુદ્દો છે. જો વાવણીમાં વિલંબ થશે તો તેની અસર મોંઘવારી પર પણ પડશે. સરકારે અફવાઓ રોકીને પુરવઠો સુનિશ્ચિત કરવો જોઈએ અને ખેડૂતોએ પણ પેનિક બાયિંગથી દૂર રહીને સહયોગ આપવો જોઈએ. સોલાર અને બાયો-ડીઝલ જેવા વિકલ્પો તરફ વળવું એ જ આ સમસ્યાનો કાયમી અને ટકાઉ ઉકેલ છે. ગુજરાતમાં એક તરફ કાળઝાળ ગરમી પડી રહી છે તો બીજી તરફ ડીઝલની તીવ્ર અછતે ખેડૂતોના જીવનને નરક બનાવી દીધું છે. સરકાર અને ઓઈલ કંપનીઓ વારંવાર ‘કોઈ અછત નથી’ એવું કહીને જનતાને છેતરી રહ્યા છે, જ્યારે વાસ્તવમાં પેટ્રોલ પંપ પર લાંબી કતારો, તકરાર અને ખેતીકામ પૂરેપૂરું ઠપ થઈ ગયું છે. ખરીફ વાવણીની મોસમમાં આ સંકટે ખેડૂતોને આર્થિક અને માનસિક રીતે તોડી નાખ્યા છે. આ સમગ્ર મુદ્દે સરકારની નિષ્ફળતા ઊડીને આંખે વળગે એવી છે. આંતરરાષ્ટ્રીય તણાવ છતાં કેન્દ્ર અને રાજ્ય સરકારે સમયસર પુરવઠો વ્યવસ્થિત કર્યો નથી. ઉપરાંત ખેડૂતોને માત્ર ૨૦૦ લિટર સુધી મર્યાદામાં ડીઝલ આપવું તેમજ ૭/૧૨ અને આધાર જેવા અનેક પુરાવા માંગીને ખેડૂતોને અપમાનિત કરવામાં આવી રહ્યા છે. કેટલાક પંપ પર રાત્રે ડીઝલ નહીં આપવાની અને બહારનાં લોકોને પ્રાથમિકતા આપવાની ફરિયાદો પણ ઊઠી રહી છે. સરકાર ડીઝલનું કાળાબજારમાં વેચાણ રોકવામાં નિષ્ફળ રહી છે, જેનાં પરિણામો ખેડૂતને ભોગવવાં પડી રહ્યાં છે. જો તાત્કાલિક આ સમસ્યાનો ઉપાય નહીં કરવામાં આવે તો આવનાર વાવેતર પ્રભાવિત થવાથી દેશની ખાદ્ય સુરક્ષા જોખમાશે અને ખેડૂતને તો ભોગવવાનું આવશે જ પરંતુ અન્ન સંકટને કારણે દેશના ગરીબ અને મધ્યમ વર્ગને પણ મોંઘવારીથી લઈને અછત સુધીની સમસ્યાનો સામનો કરવો પડશે.

આ અછત સરકારની અવ્યવસ્થા અને ખેડૂતો પ્રત્યે અવગણનાનું પરિણામ છે. વાવણીમાં વિલંબથી ઉપજ ઘટશે, ખેડૂતો દેવામાં ડૂબશે અને રાજ્યની કૃષિ અર્થવ્યવસ્થા ભારે નુકસાન વેઠશે. સરકારે તાત્કાલિક અને વ્યાપક પગલાં લેવાં જોઈએ, નહીંતર ખેડૂત આંદોલન વધુ તીવ્ર બનશે. આ સ્થિતિ ખેડૂતોના જીવન સાથે રમત રમવા જેવી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## એક સ્ત્રીનો નિર્ધાર

એક નાનકડા ગામમાંથી પરણીને સવિતા મોટા શહેરમાં આવી.મધ્યમવર્ગીય સાસરું હતું પણ બધાં ખુશ હતાં. લગ્નનાં થોડાં વર્ષોમાં બે બાળકો થયાં, પછી પતિનું પ્રમોશન થયું,નણંદનાં લગ્ન કર્યાં, થોડા વર્ષ બાદ સસરાજીનું અવસાન થયું.સવિતાબહેને બધા સંજોગમાં ઘરને જાળવ્યું. અચાનક એક એક્સીડન્ટમાં તેમના પતિનું મૃત્યુ થયું અને જાણે વ્રજાઘાત થયો, નાનકડાં બાળકો, બીમાર સાસુ ઘરમાં કમાનાર કોઈ નહિ અને પોતાનું ભણતર પણ સાવ ઓછું.બહુ મોટી જવાબદારી આવી પડી હતી અને દુ:ખ અને જવાબદારીના અંધકારમાં ક્યાંયથી માર્ગ દેખાતો ન હતો.ઘણાં લોકો વ્યવહારુ સલાહ આપતા કે સાસુને વૃદ્ધાશ્રમમાં મૂકી દે અને તું બાળકોને લઈને પિયર જતી રહે.આ સિવાય બીજો કોઈ રસ્તો નથી.અહીં કેવી રીતે રહેશો, બચત પૂરી થતાં ગુજરાન કઈ રીતે ચાલશે? એકલી સ્ત્રી આટલી જવાબદારી કેમ ઉપાડી શકશે? સવિતા આ બધી સલાહ સાંભળી રહી હતી પણ તેનું મન માનતું ન હતું, તેને પોતાનાં સાસુને ઘરની યાદોથી દૂર કરવાં નહોતાં, પોતે પિયરમાં ભારરૂપ બનવું ન હતું.તેણે મન મક્કમ કર્યું અને કમર કસી.ભણતર નહોતું પણ ગણતર અને આવડત હતી. પોતાની રસોઈ બનાવવાની, નાસ્તા બનાવવાની, અથાણાં બનાવવાની, આવડત કામે લગાડી. સૌથી પહેલાં પાડોશીની મદદ લઇ નાનું નાનું વેચાણ શરૂ કર્યું.ટીફીન સેવા શરૂ કરી, સિઝનમાં અથાણાં અને પાપડ પણ બનાવવાની શરૂઆત કરી.



**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

સવિતા રાત દિવસ મહેનત કરે, તેની મહેનતમાં બંને બાળકો અને બીમાર સાસુ પણ સતત મદદ કરે. ધીમે ધીમે કામ જામવા લાગ્યું અને ઓર્ડર મળવા લાગ્યા.આમ મહેનત કરતાં કરતાં ત્રણ વર્ષ વીતી ગયાં.સવિતાએ બધી જ જવાબદારી પૂરી કરી અને બખૂબી નિભાવી. સલાહો આપવાવાળાઓનાં મોઢાં બંધ થઈ ગયાં. હવે બધાં તેમની હિંમત અને મહેનતનાં વખાણ કરવા લાગ્યાં. હવે સવિતાના સ્વાદનું નામ થઈ ગયું, લોન લઈને બિઝનેસ આગળ વધાર્યો. દસથી પંદર નિરાધાર બહેનોને સવિતાએ રોજગાર આપ્યો અને તેમને પણ જીવનમાં સ્વાભિમાનથી જીવવાની તક આપી. સવિતાના ગામનાં લોકોએ તેમનું સન્માન કર્યું અને ત્યારે મંચ પરથી તેણે બહુ સરસ વાત કરી કે, ‘દરેક સ્ત્રી એક શક્તિ તે જે કરવા ઈચ્છે તે કરી શકે છે. તેનો અડગ નિર્ધાર તેને સફળતા અપાવે જ છે. તમારામાંથી ઘણાએ મને પિયર જઈ ભારે પડવાની ઘરમાં બેસવાની સલાહ આપી હતી.ઘણાં એમ વિચારતાં હતાં કે એકલી સ્ત્રી આ બધી જવાબદારી કઈ રીતે નિભાવશે? પણ મારી તમને બધાને વિનંતી છે કે સ્ત્રી અબળા નથી. તે જયારે નક્કી કરે ત્યારે જીવનની દરેક જવાબદારી નિભાવી શકે છે.તમે બધા તેને એકલી જાણી બિચારી ન ગણતાં. તેને સાથ આપજો.આગળ વધવા તક આપજો.મારા કામમાં હું આ તક મારા જેવી બહેનોને આપું જ છું.’ દરેક સ્ત્રીની ઈચ્છાશક્તિ તેની મોટી મૂડી છે. તે ઈચ્છે તે કરી શકે છે.

# આર્થિક નાદારી સાંભળી છે, પણ જળ-નાદારી હવે સર્વવ્યાપી છે

‘નાદારી’(બેન્કરપ્સી) શબ્દથી ભાગ્યે જ કોઈ અજાણ હશે. મુખ્યત્વે આર્થિક બાબત માટે વપરાતા આ શબ્દનો સાદો અર્થ થાય, ‘દેવું ચૂકવવા માટે અસમર્થ હોય એવી સ્થિતિ અને તેની વિધિસર જાહેરાત.’ તેની કાનૂની વ્યાખ્યા અને અર્થઘટનમાં જવાની જરૂર નથી, કેમ કે, અહીં આ શબ્દનો સંદર્ભ અન્ય બાબતે છે.

‘યુનાઈટેડ નેશન્સ યુનિવર્સિટી ફોર વૉટર, એન્વાયર્મેન્ટ એન્ડ હેલ્થ’ના ડાયરેક્ટર કાવેહ મદાનીએ એક અહેવાલ તૈયાર કર્યો છે, જે ચર્ચામાં છે. આ અહેવાલનું શીર્ષક છે ‘ગ્લોબલ વૉટર બેન્કરપ્સી રિપોર્ટ’. આ અહેવાલ જળસંકટને જરા જુદી રીતે સમજાવે છે. મદાનીએ ‘વૉટર બેન્કરપ્સી’ જેવો શબ્દ પ્રયોજ્યો છે, જેને ગુજરાતીમાં ‘જળ-નાદારી’ કહી શકાય. આ શબ્દ કાને પડતાં એમ લાગે કે પાણીના ઉપલબ્ધ જથ્થા અને તેની માંગ અથવા ઉપયોગ વચ્ચે જે અસંતુલન છે તેની વાત હશે.

આથી પહેલાં તો એ સમજી લેવાની જરૂર છે કે જળસંકટ અને જળનાદારી બન્ને સાવ અલગ બાબતો છે. જળસંકટ એક એવી સ્થિતિ છે જે પ્રાકૃતિક અછત, અત્યધિક ઉપયોગ, કે માળખાકીય સુવિધાના અભાવને કારણે પેદા થઈ શકે. આવી સ્થિતિ અસામાન્ય ગણાય, પણ તેમાં એટલું આશ્વાસન હોય છે કે એ સ્થિતિમાં ઘટાડાની યા સુધારાની શક્યતા હોય છે. આ અહેવાલમાં નિષ્ફળતાની એવી સ્થિતિ જણાવવામાં આવી છે કે જે જળસંકટ પછી પેદા થાય છે. એ પેદા થવાનું કારણ એ કે ક્યાંય સુધી આપણે જેટલું ઉપલબ્ધ હતું તેની સરખામણીએ ક્યાંય વધુ પાણીનો વપરાશ કરતાં રહ્યાં અને આપણી પર્યાવરણપ્રણાલીને નુકસાન પહોંચાડ્યું.

અહેવાલ અનુસાર આપણું ‘કરન્ટ અકાઉન્ટ’(ચાલુ ખાતું) એટલે કે નદીઓ, સરોવરો તેમજ અન્ય જળાશયો ખાલી થઈ ચૂક્યાં છે. જળવાયુ પરિવર્તન પાણીની આવકને ઘટાડી રહ્યું છે, કેમ કે, વરસાદનું પ્રમાણ ઘટ્યું છે. આને લઈને આપણું ‘પ્રોપર્ટી અકાઉન્ટ’(સંપત્તિ ખાતું) એટલે કે ભૂગર્ભ જળ સૂકાઈ ગયું છે. બીજી તરફ ખેતી માટે, જીવનજરૂરિયાત માટે, ડેટા સેન્ટરો તેમજ પાવર પ્લાન્ટ માટે પાણીની માંગ ઊભી જ છે. શરૂઆતમાં આપણે કરજ લઈને ચલાવીએ છીએ એટલે કે પ્રકૃતિનું દોહન કરીએ છીએ. પણ એ લાંબો સમય ચાલી શકતું નથી અને આખી પ્રણાલી ધીમે ધીમે ખતમ થવા લાગે છે. નદીઓ સંકોચાઈ જાય છે, પ્રદૂષિત થતી રહે છે,

## ફીર દેખો યારોં

**બીરેન કોઠારી**

> **જળવાયુ પરિવર્તન પાણીની આવકને ઘટાડી રહ્યું છે, કેમ કે, વરસાદનું પ્રમાણ ઘટ્યું છે. આને લઈને આપણું ‘પ્રોપર્ટી અકાઉન્ટ’(સંપત્તિ ખાતું) એટલે કે ભૂગર્ભ જળ સૂકાઈ ગયું છે**

જળાશયો અને આર્દ્ર ભૂમિ સૂકાઈ જાય છે. ભૂસ્ખલન, રણીકરણ, ધૂળ અને રેતીની આંધી, દાવાનળ, જૈવવિવિધતાને નુકસાન તેમજ હિમનદીઓ પીગળવાને કારણે સર્જાતી પૂરની સ્થિતિ! આ નવી વાસ્તવિકતાઓ પેદા થતાં હવે જૂની શબ્દાવલિ પણ પુનર્વિચાર માગી લે છે. અહેવાલમાં ઉલ્લેખાયા અનુસાર, ‘જળનાદારી’ સમજીએ તો આપણે નુકસાન ઘટાડી શકીએ છીએ, ભાવિ નુકસાનને અટકાવી શકીએ છીએ અને નવી વાસ્તવિકતાઓ અને મર્યાદાનો સ્વીકાર કરી શકીએ છીએ, જેના આધારે આપણે આપણી કાર્યપદ્ધતિને પણ નવેસરથી ગોઠવવી પડશે.એવો સવાલ જરૂર થાય કે શું જળનાદારી માટે વૈશ્વિક તાપમાન અને જળ વ્યવસ્થાપન બન્ને જવાબદાર છે? આ જાણવા માટે કેટલીક મૂળભૂત બાબતો સમજી લેવા જેવી છે. જળપ્રણાલી એકદમ સંકુલ હોય છે. તેમાં કારણ અને પરિણામનો સંબંધ સીધેસીધો અને સપ્રમાણ નથી હોતો. આથી એ નક્કી કરવું મુશ્કેલ છે કે કયા કારણની અસર કેટલી છે. જળવાયુ પરિવર્તનને કારણે ઘણા વિસ્તારોમાં પાણીની ઉપલબ્ધિ ઘટી છે. વરસાદની તરાહ, માત્રા અને આવર્તન પણ બદલાયાં છે. હિમનદીઓ પીગળી છે અને જળચક્ર પણ અસરગ્રસ્ત થયું છે. મોટા ભાગનાં બંધ જળાશયો આંતરરાષ્ટ્રીય જળસંધિના જૂના, ઐતિહાસિક આંકડાના આધારે બનાવાયાં હોવાથી હવે જળવાયુ પરિવર્તન, જમીનના હેતુફેર તેમજ અન્ય કારણોસર પ્રસ્તુત નથી રહ્યાં. અહેવાલમાં આમ જણાવાયું હોવાની સાથોસાથ એમ પણ કહેવાયું છે કે જળવાયુ પરિવર્તનને એ બાબતો નક્કી નથી કરી કે ભારત, સાઉદી અરેબિયા કે અમેરિકામાં ખેતી કેટલી થશે કે આપણાં શહેરો ક્યાં બનશે. એ તો આપણે પોતે જ ઊભી કરેલી વ્યવસ્થા છે. નદીઓ અને આર્દ્ર ભૂમિનું સંકોચાવું એક પ્રકારે ‘પ્રતિસાદ અસર’ પેદા કરે છે. પ્રતિસાદ અસર એટલે કોઈ પણ કાર્યનાં પરિણામ કે પ્રતિભાવ દ્વારા મૂળ કાર્ય પર પડતી અસર. આમ, આવા એકમેક સાથે જોડાયેલા કારકોને આપણે ભૂલી જઈએ છીએ અને દોષનો ટોપલો જળવાયુ પરિવર્તન જેવા કોઈ એક જ પરિબળને માથે ઠાલવી દઈએ છીએ.

એટલે જળનાદારીનાં બે મુખ્ય કારણ છે. પહેલું તો પાણીની સુલભતાની સરખામણીએ તેની માંગ વધુ હોવી અને બીજું આ અસંતુલન લાંબા અરસા સુધી રહેવાને કારણે થયેલું કાયમી નુકસાન, જેને ભરપાઈ કરવું શક્ય નથી. સમસ્યા અતિ ગંભીર છે અને તેના ઉકેલ માટે ભૂગોળ તેમજ સામાજિક-આર્થિક પરિસ્થિતિનું વૈવિધ્ય સમજવું જરૂરી છે. પાણીની અછતને કારણે પેદા થતી તાણ અને તેની ગંભીરતાની પરિભાષા પ્રત્યેક સ્થળ અનુસાર અલગ અલગ હોઈ શકે છે. ભૂસ્ખલન થયું હોય એવા વિસ્તારોમાં પરિસ્થિતિ પૂર્વવત્ થઈ શકે એ શક્યતા દેખીતી રીતે મુશ્કેલ જણાય.

આખા અહેવાલનો સાર એટલો કે આપણે જળનાદારીથી ઊભી થયેલી ગંભીર સમસ્યાઓ બાબતે હજી વિચાર સુધ્ધાં કર્યો નથી. આ પરિસ્થિતિને લક્ષમાં લઈએ તો જળ વ્યવસ્થાપનનું સમૂળગું આયોજન નવા દૃષ્ટિકોણથી કરવાનું આવે. હજી ઘણાં માને છે કે પાણી પૈસાથી ખરીદી શકાય એમ છે અને પોતાની પાસે પૂરતાં નાણાં હશે તો વાંધો નહીં આવે.

શું વિશ્વમાં કે શું આપણા દેશમાં, આ બાબતે કશું આયોજન થઈ રહ્યું છે કે કેમ એ ચિંતાનો વિષય છે. કેમ કે, એની પર વિચાર થાય, આયોજન ઘડાય અને એનો અમલ શરૂ થાય ત્યાં સુધીમાં જળ-નાદારી કઈ હદે પહોંચી ગઈ હશે એ વિચારે ધ્રુજારી છૂટે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### કોલ્ડ ડ્રિંક્સ

ઉનાળો શરૂ થાય એટલે કોલ્ડ ડ્રિંક્સનો વપરાશ વધી જાય અને ટી.વી. પર કોલ્ડ ડ્રિંક્સની ભ્રામક જાહેરાતો આવવી શરૂ થઈ જાય છે. જાણે ઠંડા પીણાં પીવાથી શરીરમાં તરત જ તાજગી આવી જાય અને સ્ફૂર્તિનો સંચાર થાય. પરંતુ આ સદંતર ખોટું છે. જો કે આજનો યુવા વર્ગ કોલ્ડડ્રિંક્સ પાછળ ગાંડો છે. કોઈક કાફેમાં તમે જઈને જોશો તો યંગસ્ટર્સ બ્રેકફાસ્ટ જોડે કોલ્ડ ડ્રિંક્સની બોતલ લઈને બેઠેલો જોવા મળશે. આ પીણાંના આક્રમક પ્રચારને કારણે એનો વપરાશ વધે છે. એક સમયે આ ઠંડા પીણાં સામે દેશભરમાં ઉહાપોહ થયો હતો. પણ પછી અમેરિકન જીવનશૈલી એટલી બધી ગમવા માંડી કે ઠંડા પીણાંની અગણિત બ્રાન્ડ આપણાં બજારોમાં છવાઈ ગઈ. પણ હવે આપણે તો ચેતવાની જરૂર છે કારણ કે આ ઠંડા પીણાંમાં તંદુરસ્તીને લગતા એવા ઘણા હાનિકારક પદાર્થ છે. આવાં હાનિકારક પીણાં પીવાં કરતાં અનેક ગણા સારા અને લાભદાયી પીણાં આપણા દેશમાં ઉપલબ્ધ છે. જેમ કે શેરડીનો રસ, લીંબુ પાણી, નાળિયેર પાણી, દહીંની લસ્સી, છાશ, દૂધ-બદામની ઠંડાઈ, વરીયાળીની ઠંડાઈ, આયુર્વેદ રીતે બનેલા સરબત આમ અસંખ્ય લાભદાયી પીણાં પી શકાય છે. તો પછી શું કામ આવા કોલ્ડ ડ્રિંક્સ પીને શરીર સ્વાસ્થ્ય બગાડવું.

**સુરત - શીલા સુભાષ ભટ્ટ**

### ઠંડે ઠંડે પાણી સે નહાના ચાહિયે

નિયમિત રીતે બરફવાળા ઠંડા પાણીમાં નહાવાથી / બેસવાથી , ડોક નીચેના આખા શરીરને રાખવાથી મગજમાં રીવાયરીંગ થાય છે અને તે ખૂબ જ ફાયદાકારક છે એમ અમેરિકામાં થયેલી રિસર્ચ માં સાબિત થયું છે. ઠંડા પાણીમાં શરીર રાખવાથી મગજમાં ડોપામિન નામનો અંતઃસ્ત્રાવ ૫૦૦ ઘણો વધારે ઉત્પન્ન થાય છે જે ‘ફીલ ગુડ’ ન્યુરોટ્રાન્સમિટર ઉત્પન્ન કરે છે અને શરીરને સારું લાગે છે . આ ઉપરાંત નોરએપિનેફ્રીનનામનો અંતઃસ્ત્રાવ જે ઉત્પન્ન થાય છે તે ધ્યાન કેન્દ્રિત કરવાની શક્તિમાં વધારો કરે છે . ઠંડા પાણીને કારણે શરીરમાં સીરોટોનીન,કોર્ટીસોલ અને બીટા એન્ડોરફીન નામના અંતઃસ્ત્રાવો પણ પેદા થાય છે જે માનસિક તણાવ, ડિપ્રેશન, ચિંતા વગેરેને ઓછી કરવામાં ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે . ઠંડા પાણીને કારણે દુખાવામાં પણ રાહત મળે છે. ઉંઘ પણ સારી આવે છે. શરીરની રોગ પ્રતિકારક શક્તિમાં પણ વધારો થાય છે. ઠંડા પાણીને કારણે શરીરમાં જે ધ્રુજારી પેદા થાય છે તે ચરબીના કોષોમાંથી ચરબીને પણ ઓછી કરવામાં મદદ કરે છે. આધાશીશીના દુખાવામાં પણ રાહત થાય છે. એન્ડોરફીન ના કારણે મુડમાં પણ સુધારો જોવા મળે છે. ઠંડા પાણીમાં રહેવા માટે ૩૦ સેકન્ડ જેટલા સમયથી શરૂ કરી શકાય અને વધારેમા વધારે ત્રણથી પાંચ મિનિટ સુધી શરીરને અંદર રાખી શકાય. વારંવાર તમે ઠંડા પાણીમાં રહો છો તો દરેક વખતે તમારી તણાવ સહન કરવાની શક્તિ વધતી જાય છે, કાર્યશૈલીમાં પણ સુધારો થતો જાય છે અને મગજ પણ શાંત થાય છે.

**અમેરિકા - ડૉ ચંદ્રેશ જરદોશ**

### શ્રીમંતો પર કર લાદવાથી આર્થિક અસમાનતા ઘટાડી શકાય?

તા. 8/4/26ના ‘મિત્ર’માં પ્રશસ્ત પંડયાએ આ અંગે સારો પ્રકાશ પાડયો. સમયના વહેણ સાથે વિશ્વમાં ગરીબ તવંગર વચ્ચેનું અંતર વધતું રહ્યું છે. જે અંગે દર વરસે રિપોર્ટ બહાર પડે છે. પરંતુ આ વરસનો રિપોર્ટ ચોંકાવનારો તથા અસમાનતા ઘટે તેવું સમાધાન આપનારો છે. સેન્ટર ફોર ફાઈનાન્સિઅલ અકાઉન્ટબિલિટી સંસ્થા આ રિપોર્ટ દર વરસે પ્રકાશિત કરે છે. ચાલુ વરસના અહેવાલનું મથાળું છે વેલ્થ ટ્રેકર ઈન્ડિયા 2026 ટેક્સ ધ ટોપ ક્લોઝ ધ ગેપ મતલબ કે સૌથી વધુ સંપત્તિ ધરાવનારા પર વધુ કર નાંખો અને આર્થિક અસમાનતા ઘટાડો.આર્થિક અસમાનતા પર નજર કરતાં જણાશે કે દેશની 40 ટકા સંપત્તિ પર 1 ટકા શ્રીમંતોનો અંકુશ છે જયારે 50 ટકા લોકો પાસે દેશની માત્ર 15 ટકા સંપત્તિ છે. દેશમાં એક હજાર કરોડ રૂપિયાની સંપત્તિ ધરાવનારાં શ્રીમંતોની 2019માં 953 સંખ્યા હતી જે 2021માં વધી એક હજાર થઈ. આ પ્રમાણે અગ્રવાલ-ગુપ્તા 12, પટેલ 10, જૈન-9, ગોએન્કા, શાહ, મહેતા-5 જ્ઞાતિ આધારે સવર્ણ 90 ટકા ઓબીસી-10 આદિવાસી-0. ઉપાય- કર માળખામાં પરિવર્તન લાવવું ખૂબ જ જરૂરી છે. આ પ્રમાણે વધારાનો કર લેવામાં આવે તો તેનો લાભ કેટલાં લોકોને મળી શકે તથા તે રકમ કેટલી હશે તેની વિગતો પણ અહેવાલમાં આપવામાં આવી છે. જેમ કે મુકેશ અંબાણીની હાલ કુલ સંપત્તિ 9.15 લાખ કરોડ છે. જો છેલ્લાં સાત વર્ષમાં તેમની પાસેથી માત્ર બે ટકા વધુ કર લેવાયો હોત તો 1,02,427 રૂ.ની આવક થાત. જે રકમમાંથી દસમા ધોરણમાં અભ્યાસ કરતા 1.85 કરોડ વિદ્યાર્થીઓને 20,000 રૂપિયાનું લેપટોપ આપી શકાય જેનો કુલ ખર્ચ 37,000 કરોડ રૂપિયા થાય. આવા રિપોર્ટના અમલીકરણનો મુદ્દો આવે ત્યારે સરકાર હંમેશા લોકો સાથે નહીં પણ કરોડપતિઓ સાથે દેખા દે છે. પ્રજા સરકારના આ વહેવારથી એટલી બધી ટેવાઈ ગઈ છે કે તેણે તે માટેની અપેક્ષા રાખવાનું પણ છોડી દીધું છે. પરંતુ જયાં સુધી આ બાબતે મક્કમ પગલાં ન લેવાય ત્યાં સુધી આર્થિક અસમાનતા વધતી જ રહેશે.

**વ્યારા - પ્રકાશ સી. શાહ**

### સફળતા શું છે?

જીવનમાં બધાં જ માણસો સફળતા ઈચ્છતા હોય છે અને એ સ્વાભાવિક પણ છે.દુનિયામાં કોઈ પણ એવું નહીં હોય કે જે સફળતા ન ઈચ્છતું હોય.કોઈકને કંઈક થવું છે તો કોઈકને કંઈક મેળવવું છે. બધાના પોતપોતાના સ્વપ્નો અને અરમાનો હોય છે.કેટલાંક લોકો ખૂબ નસીબદાર હોય છે કે જેઓ એમના માટે જે અભિપ્રેત હોય એ સફળતા મેળવી શકતા હોય છે.તો મોટા ભાગના લોકો એવાં હોય છે કે જેમને એમના માટે જે અપેક્ષિત હોય એ સફળતા પ્રાપ્ત થતી હોતી નથી.જ્યારે આવી પરિસ્થિતિ આવે ત્યારે માનસિક સંતુલન જાળવી અનુકૂલન સાધવું અનિવાર્ય થઈ પડે છે.મારી દૃષ્ટિએ માણસ જે પરિસ્થિતિમાં હોય,જેવી પરિસ્થિતિમાં હોય એમાં અનુકૂલન સાધી શકે અને ખુશ રહી શકે એ જ સફળતા છે. અલબત્ત, સફળતાને અનેક લેખકો,સર્જકો અને ચિંતકો પોતાની રીતે મૂલવતાં હોય છે. એવો જ એક સુંદર અર્થ મને શ્રી હર્ષ બ્રહ્મભટ્ટના આ શેરમાંથી પ્રાપ્ત થયો છે જે બધાંને ખૂબ કામ લાગે એવો છે.તેઓ કહે છે કે ; “ ન એવું વિચારો કે કમ છે સફળતા,મળેલું આ જીવન સ્વયમ્ છે સફળતા.” અર્થાત્ આપણને જીવન પ્રાપ્ત થયું છે એ જ મોટી સફળતા છે.જો આ શેર ઘણાં બધાં લોકો સુધી પહોંચે અને એનો અર્થ સમજાઈ જાય તો (કહેવાતી) નિષ્ફળતા પ્રાપ્ત થવાને લીધે જે અનેક પ્રકારના પ્રશ્નો અને વિકરાળ પરિસ્થિતિ ઉપસ્થિત થાય છે એમાં ચોક્કસ ફેર પડી શકે એમ છે.

**નવસારી - ઈન્તેખાબ અનસારી**

### સામાજિક ભેદભાવ.. દેશની એકતા ને ખતરો

સર્વધર્મ સમભાવ - સદભાવ અને સદ્ ભાવના ના ત્રાગડા અને નૌટંકીઓ.. સત્તા ના બંધાણી માટે ભલે હાથવગા હાથીયાર બન્યા, હોય પણ દરેક સમયે વાતાવરણમાં પલટો આવતાં જ ધર્મ ની ધજા એક જ દિશામાં ફરકતી નથી રહેતી.. પરિવર્તન સંસારનો નિયમ છે, એવી જ રીતે દરેક સત્તાધારીઓનો એક નિશ્ચિત કાળ હોય છે.ગમે એટલી ફાંકા ફોજદારી ના ફુગ્ગા ફોડતી કુદરત પણ એની પ્રચંડ શક્તિ - આગઝરતી ગરમીના પ્રકોપનો પરિચય સમયાંતરે આપતી રહી હતી..આપી રહી છે..અને આવનારા સમયમાં આપશે. એમાંય અલગ તારવણીઓ કરતા રહ્યા છીએ. પ્રત્યેક સમાજો ના જુદા જુદા વિસ્તારોમાં સ્થળ - કાળ - અને પરિસ્થિતિને અનુલક્ષીને સામાન્ય સામાજિક વાણી - બોલી - વ્યવહાર - વર્તણૂક - રીતરિવાજો - માણસ રહ્યા છીએ તો.. માણસની જરૂરિયાતો નું આયુષ્ય કેટલું ? .. કેટકેટલીક વાતો ના વણાટ જોડાયેલા છે.સામેપક્ષે જરા તો..વિચારી જુઓ.. એક જ માનવભવમાં કેટકેટલી સંભાવના વિભાવના આભાસ વિરોધાભાસ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે શું..આપણે એક માત્ર સામાજિક પ્રાણી ની વ્યાખ્યામાં.. સજ્જન કે સન્નારી વેશે જ્યાં ઊભા છીએ ત્યાં.. ખરેખર માનનીય કે, વંદનીય બન્યા છીએ ખરાં ? વાચકોને મારો એકવાર શાંતચિત્તે આપણા જ મન ને પૂછવા જેવો સોનેરી સવાલ કરીશ. જો તમને જવાબ જડે અને તમારા મન ને કંઠે તો.. કાગળ કલમની સાક્ષી પૂરી છેડજો આગળ ચર્ચા ની વાત.

**સુરત - પંકજ શાં.મહેતા**